# ઈરાનનું 'સત્તા કેન્દ્ર' જમીનદોસ્ત

**જે** ઈમારતમાં નવો સુપ્રીમ લીડર નક્કી થવાનો હતો ત્યાં જ અમેરિકા-ઈઝરાયેલનો બોમ્બમારો

**આ પ્રહારથી** શાસન પરિવર્તનના અનેક સંભવિત દાવેદારો અને વિરોધીઓનો સફાયો થયાનો ટ્રમ્પનો દાવો

શનિવારે આયાતુલ્લા અલી ખામેનીની હત્યા બાદ ઈરાન અત્યાર સુધીના સૌથી મોટા નેતૃત્વ સંકટનો સામનો કરી રહ્યું છે. નવા સર્વોચ્ચ નેતાની પસંદગી માટે જ્યાં બેઠક યોજાવાની હતી, તે 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ'ની ઈમારતને અમેરિકા અને ઈઝરાયેલે હવાઈ હુમલામાં જમીનદોસ્ત કરી દીધી છે. આ હુમલાએ ઈરાનની સત્તાવાર ઉત્તરાધિકાર પ્રક્રિયાને વેરવિખેર કરી નાખી છે. 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ' એ 88 મૌલવીઓની બનેલી શક્તિશાળી સંસ્થા છે, જે સુપ્રીમ લીડરની નિમણૂક અને દેખરેખ રાખે છે. ખામેનીના નિધન બાદ નવા નેતા ચૂંટવાની જવાબદારી આ સભ્યોની હતી, પરંતુ હવે તેમની સુરક્ષા અને અસ્તિત્વ પર જ સવાલો ઉભા થયા છે. પશ્ચિમ એશિયામાં અમેરિકી દળો દ્વારા કરવામાં આવેલા તાજેતરના હવાઈ હુમલાઓ અંગે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટું નિવેદન આપ્યું છે. ABC ન્યૂઝ સાથેની વાતચીતમાં તેમણે આ હુમલાઓને અત્યંત પ્રભાવી ગણાવતા કહ્યું કે, અમેરિકાના આ પ્રહારથી શાસન પરિવર્તનના અનેક સંભવિત દાવેદારો અને વિરોધીઓનો સફાયો થઈ ગયો છે.







## ઈરાને અમેરિકાનું વિશાળ રડાર નષ્ટ કર્યું

**રૂ. 9,000** કરોડના આ રડારની ટ્રેકિંગ રેન્જ 5000 કિમી હતી તે બેલેસ્ટિક મિસાઈલથી રક્ષણ માટે હતું

નવી દિલ્હી, તા. 3: ઈરાની મીડિયા અને તેહરાન ટાઈમ્સના અહેવાલો અનુસાર, ઈરાને ખાડી વિસ્તારમાં આવેલા અમેરિકાના સૌથી મોટા રડાર એએન/એફપીએસ-132ને મિસાઈલ હુમલામાં નષ્ટ કરી દીધું હોવાનો દાવો કર્યો છે. આ રડાર કતારના અલ ઉદૈદ એર બેઝ પર સ્થિત હતું અને તેની કિંમત અંદાજે 1.1 બિલિયન ડોલર (આશરે રૂ. 9,000 કરોડથી વધુ) હતી.

કતારના અધિકારીઓએ પણ આ નુકસાનની પુષ્ટિ કરી છે, જે અમેરિકાની જાસૂસી અને દેખરેખની ક્ષમતાને સાથે જ ખાડી દેશોના સુરક્ષા કવચ માટે મોટો ફટકો માનવામાં આવે છે.

આ રડાર માત્ર સામાન્ય વિમાન શોધવા માટે નથી, પરંતુ તે ખાસ કરીને 'બેલેસ્ટિક મિસાઈલ'ના વહેલા રક્ષણ માટે બનાવવામાં આવ્યું હતું. તે હવામાં આવતી મિસાઈલોને ખૂબ જ વહેલી શોધી કાઢે છે, ટ્રેક કરે છે અને તેને તોડી પાડવા માટે જરૂરી માહિતી પૂરી પાડે છે. આ રડાર 5,000 કિમીની ટ્રેકિંગ રેન્જ ધરાવતું હતું. અમેરિકાએ આ રડાર વર્ષ 2013માં 'અલ ઉદૈદ એર બેઝ' પર સ્થાપિત કર્યું હતું. ઈરાની સેનાએ દાવો કર્યો છે કે તેમણે 'પ્રિસિઝન મિસાઈલ સ્ટ્રાઈક' એટલે કે અત્યંત સચોટ નિશાન સાધતી મિસાઈલ વડે આ રડારને નિશાન બનાવ્યું હતું. બીજી તરફ, અમેરિકાએ આ યુદ્ધને 'એપિક ફ્યુરી' નામ આપ્યું છે અને તેના સૌથી શક્તિશાળી હથિયારો તૈનાત કર્યા છે.

## ટ્રમ્પે કહ્યું- ઈરાની શાસનમાંથી જ કોઈ વ્યક્તિ સત્તા સંભાળે તે શ્રેષ્ઠ

વોશિંગ્ટન, તા. ૩ (પીટીઆઈ): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે, એકવાર અમેરિકા-ઈઝરાયેલનું સૈન્ય અભિયાન પૂરું થઈ જાય પછી ઈરાની શાસનની અંદરની જ કોઈ વ્યક્તિ સત્તા સંભાળે તે શ્રેષ્ઠ વિકલ્પ હોઈ શકે છે. ઓવલ ઓફિસમાં વાત કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાનના છેલ્લા શાહ, દેશનિકાલ પામેલા ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવી એવી વ્યક્તિ નથી કે જેના વિશે તેમના વહીવટીતંત્રે ઈરાનમાં નેતૃત્વ સંભાળવા માટે ગંભીરતાથી વિચાર કર્યો હોય.

## ભારતની અર્થવ્યવસ્થા અને એક કરોડ નાગરિકોની સુરક્ષા પર તોળાતું જોખમ

**આ** પ્રદેશમાં વસતા એક કરોડ ભારતીય નાગરિકોની સુરક્ષા અમારા માટે સર્વોચ્ચ પ્રાથમિકતા: સરકાર

**તેહરાનમાં** રહેતા ભારતીય વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા

ઈરાને હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરતા વેપાર અને ઊર્જા પુરવઠામાં વિક્ષેપ આવવાની આશંકા

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ફેલાયેલા સંઘર્ષ પર ભારત સરકારે બીજી વખત સત્તાવાર નિવેદન જાહેર કરીને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પ્રદેશમાં વસતા અંદાજે એક કરોડ ભારતીય નાગરિકોની સુરક્ષા ભારત માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઓમાન, કુવૈત અને કતારના નેતાઓ સાથે ટેલિફોનિક ચર્ચા કરી આ મુશ્કેલ સમયમાં ભારતની એકતા વ્યક્ત કરી હતી. સરકારે કહ્યું તે બદલાઈ રહેલી સ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને પ્રદેશની સરકારો અને અન્ય મુખ્ય ભાગીદારો સાથે સતત સંપર્કમાં છે.

ભારતની ચિંતાનું મુખ્ય કારણ આર્થિક અસરો પણ છે. ઈરાને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા હોર્મુઝની સામુદ્રધુનીનો શિપિંગ રૂટ બ્લોક કરી દીધો છે, જ્યાંથી વિશ્વનો 20 ટકા અને ભારતની તેલ આયાતનો 50 ટકા હિસ્સો પસાર થાય છે. આ અવરોધને કારણે વૈશ્વિક તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે, જેની સીધી અસર ભારતીય અર્થતંત્ર પર પડી શકે છે.

## બ્રિટિશ બેઝના રક્ષણ માટે ફ્રાન્સે યુદ્ધ જહાજો મોકલ્યા

**ઘરઆંગણે** આકરી ટીકા બાદ બ્રિટિશ વડાપ્રધાન પણ 'એક્શન મોડ'માં આવવા મજબૂર

લંડન/નિકોસિયા, તા. ૩ : સાયપ્રસમાં આવેલા બ્રિટિશ સૈન્ય બેઝ પર ઈરાન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલા બાદ પશ્ચિમી દેશોમાં ખળભળાટ મચી ગયો છે. બ્રિટનની પોતાની સુરક્ષા કરવાની ક્ષમતા પર સવાલો ઉભા થતા, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને તાકીદે હસ્તક્ષેપ કરીને આ વિસ્તારમાં યુદ્ધ જહાજો અને અત્યાધુનિક એન્ટી-એર એટેક સિસ્ટમ્સ મોકલવાનો આદેશ આપ્યો છે.

રવિવારે રાત્રે સાયપ્રસમાં આવેલા બ્રિટિશ એરબેઝ 'RAF અક્રોતિરી' પર ઈરાની ડ્રોને હુમલો કર્યો હતો. આ હુમલાએ બ્રિટિશ એર ડિફેન્સ સિસ્ટમને ભેદીને નુકસાન પહોંચાડ્યું હતું. જોકે અધિકારીઓના જણાવ્યા અનુસાર નુકસાન 'નજીવું' હતું અને કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ તેહરાને જે રીતે બ્રિટિશ સુરક્ષા કવચમાં ગાબડું પાડ્યું તેનાથી લંડનમાં ચિંતાના વાદળો છવાયા છે. ફ્રાન્સે



હવે તેની બે ફ્રિગેટ્સ અને 'ચાર્લ્સ ડી ગોલે' એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને બાલ્ટિક સમુદ્રથી ખસેડીને મેડિટેરેનિયન (ભૂમધ્ય સમુદ્ર) વિસ્તારમાં તૈનાત કરવા આદેશ આપ્યો છે. આ ઘટનાએ બ્રિટિશ સૈન્યની વર્તમાન નબળાઈઓ છતી કરી છે. વિદેશ મંત્રી યવેટ કૂપરે દાવો કર્યો છે કે બેઝ પર F-35 જેટ્સ અને રડાર સિસ્ટમ્સ ઉપલબ્ધ છે, પરંતુ હકીકત એ છે કે બ્રિટનના શક્તિશાળી 'ટાઈપ 45 ડિસ્ટ્રોયર્સ' હાલમાં પોર્ટ્સમાઉથ બંદર પર લાંગરેલા છે. પરિણામે, બ્રિટને પોતાના જ બેઝના રક્ષણ માટે ફ્રાન્સ અને જર્મની જેવા સાથી દેશોની મદદ પર નિર્ભર રહેવું પડી રહ્યું છે. સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલાઈડ્સે પણ ફ્રાન્સ અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ પાસે વધારાની નૌકાદળ સુરક્ષાની માંગ કરી છે.

## ઈરાન હવે મંત્રણા કરવા માંગે છે, પણ ઘણું મોડું થઈ ગયું છે: ટ્રમ્પ

**તેમની** સેના, એરફોર્સ, નેવી બધું જ ખતમ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના બાકી રહેલા નેતાઓને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી દીધી છે કે હવે વાતચીતનો સમય પૂરો થઈ ગયો છે. તેહરાનમાં જે ઈમારતમાં ઈરાનના નવા સર્વોચ્ચ નેતાની પસંદગી થવાની હતી, તેને અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં જમીનદોસ્ત કરી દેવામાં આવી છે.

ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનની સૈન્ય તાકાત હવે સંપૂર્ણપણે પાયમાલ થઈ ગઈ છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં લખ્યું હતું કે, "તેમની એર ડિફેન્સ, એરફોર્સ, નેવી અને લીડરશિપ બધું જ ખતમ થઈ ગયું છે. હવે તેઓ વાતચીત કરવા માંગે છે, પરંતુ મેં કહી દીધું છે - 'ઘણું મોડું થઈ ગયું છે!'

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૯ | | | | ૧ |
| ૭ | | | | ૩ | | | | ૮ |
| | | ૧ | ૫ | ૬ | ૮ | ૪ | | |
| ૨ | ૫ | ૯ | | ૮ | | | | |
| | | ૪ | | ૨ | ૭ | ૩ | | ૫ |
| ૬ | | ૩ | ૧ | ૪ | ૫ | | | |
| ૧ | | ૨ | | | ૪ | | ૫ | ૯ |
| ૫ | | | ૮ | ૧ | | ૨ | | ૩ |
| ૯ | ૪ | ૮ | ૨ | ૫ | ૩ | | ૭ | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**માથાનો દુ:ખાવો**

ઉનાળામાં તડકામાં ફરવાના કારણે થતો માથાનો દુ:ખાવો મટાડવા માટેનો એક અમારો ગ્રામ્ય પ્રયોગ જુઓ. હિના-મહેંદી ના ફૂલ બારીક વાટી ને કપાળે લેપ કરો.

### શબ્દગુંફન - ૭૧૮૨

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. ખુશી, રાજીપણું (૩)
૩. ડગે નહિ એવું (૩)
૫. ગરમી, તડકો (૨)
૬. એક ઝાડ (૩)
૭. મોટું (૩)
૯. ફ્લો વગેરેનું પ્રવાહી (૨)
૧૦. વપરાશ, તંગી (૨)
૧૨. આનંદ (૨)
૧૩. હિંમત (૨)
૧૪. ડર, ત્રાસ (૪)
૧૬. તંતુ, દોરો (૨)
૧૭. અંત:કરણ, દિલ (૨)
૧૮. માલિસ કરવું તે (૩)
૨૦. આપવું તે (૨)
૨૧. અણસમજુ (૩)
૨૩. અવાજ (૨)
૨૫. કાપડ-કાગળ વગેરેનાં નાના-ટુકડા (૪)
૨૭. પચેલું (૩)
૩૦. આસમાની (૨)
૩૧. ઉગ્ર ગંધવાળુ એક કંદમૂળ )૩)
૩૨. ઊહાપોહ, ચર્ચા (૪)

**ઊભી ચાવી**
૧. રાત્રિ (૨)
૨. સિપાઈ (૩)
૩. શૂરવીર (૩)
૪. શોક (૨)
૫. ધૂન મસ્તી (૨)
૮. મોજુદ, પ્રત્યક્ષ (૩)
૯. છુટ્ટી, પરવાનગી (૨)
૧૧. કિનારો, કાંઠો (૨)
૧૨. મોર (૩)
૧૩. પરાજય(૨)
૧૪. દેહ, કાયા (૨)
૧૫. કુળવાન (૪)
૧૬. એક ઊંચું ઝાડ (૨)
૧૭. દોલત (૨)
૧૯. મશ્કરી, મજાક (૩)
૨૦. રમતમાં આવતો વારો (૨)
૨૩. યુદ્ધનું મેદાન (૨)
૨૪. બટન ઘાલવાનું નાકું (૨)
૨૫. દુ:ખ, પીડા (૨)
૨૬. ધ્વનિ, અવાજ (૨)
૨૭. નિર્ણય, ઉકેલ(૨)
૨૮. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૨૯. વેપાર (૩)
૩૦. જળ, પાણી (૨)

## ટ્રમ્પનો સ્ટાર્મર પર પ્રહાર: 'બ્રિટન હવે ખાસ મિત્ર નથી'

**અમેરિકા** અને ઈઝરાયેલના હુમલાઓમાં સામેલ ન થવાનો નિર્ણય સૈદ્ધાંતિક: બ્રિટીશ વડા પ્રધાન

લંડન, તા. 3 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરની આકરી ટીકા કરતા કહ્યું તેઓ બહુ મદદરૂપ નથી. લંડનના અખબાર 'ધ સન'ને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હુમલાઓ અંગે બ્રિટેનનું વલણ નિરાશાજનક છે. તેમણે અફસોસ વ્યક્ત કર્યો કે બ્રિટેન અને અમેરિકા વચ્ચેના જે 'ખાસ સંબંધો' હતા, તે હવે પહેલા જેવા રહ્યા નથી. ટ્રમ્પે ફ્રાન્સ અને જર્મની જેવા અન્ય યુરોપિયન દેશોના વલણના વખાણ કર્યા, પરંતુ બ્રિટેન દ્વારા અમેરિકી દળોને એરબેઝ વાપરવાની મંજૂરી આપવામાં થયેલા વિલંબ પર નારાજગી વ્યક્ત કરી. બીજી તરફ, વડા પ્રધાન કીર સ્ટાર્મરે સંસદમાં પોતાનો પક્ષ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે તેમની લેબર સરકાર 'આકાશમાંથી શાસન પરિવર્તન' કરવામાં માનતી નથી. તેમણે ઈરાક યુદ્ધના પાઠોને યાદ કરતા કહ્યું કે કોઈપણ સૈન્ય કાર્યવાહી માટે કાયદેસરનો આધાર હોવો જરૂરી છે. સ્ટાર્મરે ઉમેર્યું કે તેમણે અમેરિકા અને ઈઝરાયેલના આક્રમક હુમલાઓમાં સામેલ ન થવાનો નિર્ણય સિદ્ધાંતોને આધારે લીધો છે, જોકે રક્ષણાત્મક કાર્યવાહી માટે અલગથી વિચારણા કરી શકાય છે. આ દરમિયાન, બ્રિટિશ ચાન્સેલર રશેલ રીવ્સે ગૃહમાં જણાવ્યું કે અનિશ્ચિત વૈશ્વિક સ્થિતિમાં સરકાર પાસે યોગ્ય આર્થિક યોજના છે. જોકે, નિષ્ણાતો માને છે કે ઈરાન યુદ્ધને કારણે વૈશ્વિક તેલના ભાવમાં મોટો ઉછાળો આવશે, જેની સીધી અસર બ્રિટેનમાં મોંઘવારી અને લોકોના જીવનનિર્વાહના ખર્ચ પર પડશે.

## આજનું પંચાંગ

**તા. 04/03/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિ:** વદ: એકમ: 16:50
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 13
**નક્ષત્ર :** પૂ.ફા. : 07:40 પછી ઊ.ફા.
**યોગ :** ધ્રુવ **કરણ:** તૈતિલ
**રાશિ:** સિંહ (મ.ટ.) 13:48 પછી કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** મિશ્ર- વસંતોત્સવારંભ- આમ્રકુસુમ પ્રાશન-ગ્રહણ કરિદિન
**સુરતમાં સૂર્યોદય :** 06:59 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:43
**નવકારસી :** 07:47
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 22મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 14મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
**રાહુ કાળ:** બપોરે 12:00 થી 13:30 સુધી

**મેષ (અ,લ,ઇ,):** મનોરંજન તથા કામકાજને લઈને પ્રવાસ અનુકૂળ રહે. નવા રોકાણ લાભ કરતા રહે. વિદ્યાર્થીઓને મદદ મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** ખર્ચા અને પડવા-વાગવાની બાબતે સાવધાની રાખવી. અચાનક શુભ સમાચાર મળે.
**મિથુન (ક,છ,ઘ,):** સામાજિક કામમાં વ્યસ્ત રહેવાનું બને. ભાઈ-બહેન-મિત્રો સાથે ઘર્ષણ થાય. અશાંતિ સતાવશે.
**કર્ક (ડ,હ,):** નવા સંબંધો બંધાશે. નવા કામની શરૂઆત થાય. કુટુંબ-પરિવારની સમસ્યાનું સમાધાન થાય. આવક વધે.

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**સિંહ (મ,ટ,):** સરકારી કામ પાર પડે. સામાજિક કે ધાર્મિક મેળાવડામાં જવાનું બને. ખુશખબરથી ઉત્સાહ વધે.
**કન્યા (પ,ઠ,ણ,):** પ્રવાસમાં સાવધાની રાખવી. અકસ્માત અને વિશ્વાસઘાતથી નુકસાન થઈ શકે છે.
**તુલા (ર,ત,):** પ્રેમમાં સાથ મળે. આવક વધે. મિત્રો સાથે મનોરંજન થાય. વિદ્યાર્થીઓને તક મળે. આવક વધે.
**વૃશ્ચિક (ન,ય,):** સંપત્તિના સોદા કે લેવેચ થાય. નોકરીમાં પ્રભાવ વધે. ધંધામાં આવક વધે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** વિઘ્નો છતાં કામ પાર પડે. મિલન-મુલાકાત થાય. સરકારી યોજનાનો લાભ મળે.
**મકર (ખ,જ,):** વધુ પડતા કામની અસર થાય. માનસિક અશાંતિ વધે. આરોગ્ય નરમ રહે. પડવા-વાગવાથી સાવધાન.
**કુંભ (ગ,સ,શ,ષ,):** સમાજમાં અશાંતિ રહે. ઘરના કામની ચિંતા વધે. રોજના કામમાં બોજ સતાવશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** પદ પ્રાપ્તિ કે સામાજીક જવાબદારીથી મોભો વધશે. આરોગ્યની સારવાર સરળ બને.

### કોઈ પણ સાલમાં 04 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન થાય. ધંધા-વેપારમાં આવક વધશે. સમાજમાં માન વધે. પરિવાર-કુટુંબની અપેક્ષાઓ સંતોષવાની તક મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. નવા રોકાણ થાય. હરીફોની હેરાનગતિ દરેક જગ્યાએ સતાવશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સંતાનોના કામ થાય. વિદ્યાર્થીઓની મહેનત ફળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. ઊંમરલાયકના વિવાહ થાય. નવાં ધંધા-વેપાર-નોકરીમાં ટેકનોલોજીનો લાભ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલો મિત્રો મદદરૂપ બને. નવા ઘર વાહન મકાનની યોજના પાર પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળશે. જૂન-જુલાઈ, રવિ-સોમ અને 4,13, 22, 31 તારીખ નવા કામ માટે અનુકૂળ રહે. ભૂરા રંગનો ઉપયોગ કરતાં રહેવું. નવેમ્બર-ડિસેમ્બર શનિ-શુક્રવાર અને 7,16, 25 તારીખે નવાં કામ ટાળવાં સફેદ રંગનો ઉપયોગ કરવો નહીં.

## આજનું પંચાંગ

**તા. 05/03/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિ:** વદ: બીજ: 17:05- તુકારામબીજ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 14
**નક્ષત્ર :** ઊ.ફા. : 08:18 પછી હસ્ત
**યોગ :** શૂલ **કરણ:** વણિજ
**રાશિ:** કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:58
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:43
**નવકારસી :** 07:46
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 23મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 15મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુ કાળ:** બપોરે 13:30 થી 15:00 સુધી

**મેષ (અ,લ,ઇ,):** સરકારી કામમાં પ્રગતિ થાય. સરકારી નોકરિયાતને નવી તક મળે. માનસિક અશાંતિ વધશે. હરીફોથી સાવધાન.
**વૃષભ (બ,વ,ઉ,):** નવા રોકાણથી લાભ થાય. વિદ્યાર્થીઓ માટે અનુકૂળ દિવસ, પ્રેમમાં ગેરસમજ થાય. મિત્રોનો સાથ રહે.
**મિથુન (ક,છ,ઘ,):** નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. નવી નોકરીની શક્યતા રહે. ઘરમાં નવો ફેરફાર થાય.
**કર્ક (ડ,હ,):** નવા લોકો સાથે વિવાદ ટાળવો. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે.
**સિંહ (મ,ટ,):** ઘરનાં

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કામમાં પ્રગતિ થાય. વારસાના કામમાં પ્રગતિ થાય. પારિવારિક ધંધામાં આવક વધે.
**કન્યા (પ,ઠ,ણ,):** સરકારી કામમાં પ્રગતિ થાય. કોર્ટ-કચેરીમાં મદદ મળે. ખર્ચા વધશે. મન પર ભાર રહે.
**તુલા (ર,ત,):** જાહેર જીવનમાં પ્રગતિ થાય. ઉચ્ચ કક્ષાના મિત્રોની મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.
**વૃશ્ચિક (ન,ય,):** પ્રેમ વિવાહમાં અવરોધ આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા રોકાણથી લાભ થાય.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. મિત્રો સાથે આવક વધારવાની યોજના બને મન પરભાર.
**મકર (ખ,જ,):** રચનાત્મક કામમાં સફળતા મળે. નોકરી-ધંધા માટે પ્રવાસ થાય. જીવનસાથીનો સાથ મળે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** આંખની કાળજી લેવી. નોકરીમાં નવી જવાબદારી વધે. ગુપ્ત શત્રુઓથી સાવધાન. ખર્ચા વધશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** ભાગીદારીની મિટીંગ સફળ રહે. ઘરના કામમાં મદદ મળે. ઘરમાં નવા ફેરફાર થાય.

### કોઈ પણ સાલમાં 05 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. નવા ફેરફાર અને નવી જવાબદારીથી દોડ-ધામ વધે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણી આવી શકે છે. નવા ઘર-વાહન મકાનની યોજના પાર પડશે. ધંધા-વેપારમાં આવક વધે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રો વડીલોનો સાથ ઉપયોગી રહે. વારસા, જાયદાદ, જમીન વગેરેના પ્રશ્નોમાં કાયદાકીય પ્રશ્નો સતાવશે. વેપાર-ધંધા માટે નવી યોજના બને. સરકારી યોજના લાભ મળે. યાત્રા, પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન ઓગસ્ટ- સપ્ટેમ્બરમાં બુધ-શુક્ર- અને 5, 14, 23 તારીખ નવા કામ માટે શુભ, લીલો રંગ શુભ, જૂન-જુલાઈમાં શનિવાર, 7,16,25 તારીખ નવા કામમાં લેવી નહીં. લાલ, કાળો રંગ ઉપયોગમાં લેવાનું ટાળવું.

## અનુસંધાન ... પાના પહેલાનું

અનુસંધાન ... પાના પહેલાનું

### દૂતાવાસ પર હુમલા...

આદેશ આપ્યો છે. મોટાભાગનો એરસ્પેસ બંધ હોવાથી હજારો વિદેશી નાગરિકો અત્યારે ત્યાં ફસાયેલા છે.

### દુબઈ, દોહા અને...

દુબઈ, અબુ ધાબી અને કતારની રાજધાની દોહામાં શ્રેણીબદ્ધ પ્રચંડ વિસ્ફોટો સંભળાતા સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ ફેલાઈ ગયો છે.

### UAEની ઓઈલ...

અમેરિકાના સૌથી મોટા સૈન્ય મથકને નિશાન બનાવ્યું છે. અબુ ધાબીના મુસાફા વિસ્તારમાં આવેલા ફ્યુઅલ ટેન્ક ટર્મિનલમાં ઈરાની ડ્રોન હુમલા બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. ઈરાને કતારમાં સ્થિત અમેરિકાના સૌથી મોટા સૈન્ય મથક 'અલ-ઉદૈદ' પર શ્રેણીબદ્ધ ડ્રોન હુમલા કર્યા હોવાનો દાવો કર્યો છે.

### અમેરિકાનો 'બદલા'...

હુમલાનો બદલો 'ખૂબ જ જલ્દી' લેવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે હાલમાં જમીની દળો ઉતારવાની જરૂર નથી, કારણ કે અમેરિકા પહેલેથી જ ઈરાનને 'ભારે નુકસાન' પહોંચાડી રહ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે સૈન્ય કાર્યવાહી નિર્ધારિત સમય કરતાં આગળ ચાલી રહી છે અને ટૂંક સમયમાં ઈરાનનું નવું શાસન કોણ સંભાળશે તેની પણ જાણ થશે. અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે રવિવારે કુવૈતમાં એક સૈન્ય સુવિધા પર થયેલા ઈરાની હુમલામાં માર્યા ગયેલા અમેરિકી સૈનિકોની સંખ્યા વધી હોવાની સત્તાવાર પુષ્ટિ કરી છે. શરૂઆતમાં ત્રણ સૈનિકોના મોતની આશંકા હતી, પરંતુ સોમવારે મોડી રાત્રે અધિકારીઓએ જણાવ્યું કે આ હુમલામાં કુલ ૬ અમેરિકી જવાનોએ જીવ ગુમાવ્યા છે.

### રિયાધમાં અમેરિકી...

નવા ગ્રાઉન્ડ સૈનિકો મોકલ્યા છે અને ઈરાનની રાજધાની તેહરાનમાં આખી રાત પ્રચંડ વિસ્ફોટો સંભળાયા હતા. અત્યાર સુધીમાં સેંકડો લોકોનાં મોત થયાં છે, જેમાં સૌથી વધુ ખુવારી ઈરાનમાં થઈ છે. ઈઝરાયેલે ઈરાનના તેહરાન અને ઈસ્ફહાનમાં બેલેસ્ટિક મિસાઈલ બનાવતા કારખાનાઓ પર પણ હુમલા કર્યા છે. ઈરાનમાં ઈન્ટરનેટ બંધ હોવાથી માહિતી મર્યાદિત છે, પરંતુ સ્થાનિક અહેવાલો મુજબ એટીએમમાં રોકડની તંગી સર્જાઈ છે અને ખામેનીના મોત બાદ સત્તાવાર શોક જાહેર કરાયો છે.

### યુદ્ધનો વ્યાપ અને ટ્રમ્પની રણનીતિ

પ્રમુખ ટ્રમ્પે જણાવ્યું છે કે આ સૈન્ય કાર્યવાહી 4 થી 5 અઠવાડિયા સુધી ચાલી શકે છે, પરંતુ અમેરિકા તેનાથી પણ લાંબા સમય સુધી યુદ્ધ લડવા માટે તૈયાર છે. ટ્રમ્પે 'ન્યૂયોર્ક પોસ્ટ' સાથેની વાતચીતમાં 'બૂટ્સ ઓન ધ ગ્રાઉન્ડ' એટલે કે અમેરિકી પાયદળ સૈનિકોને સીધા યુદ્ધમાં ઉતારવાની શક્યતાને પણ નકારી નથી. જોકે, અમેરિકી પ્રશાસનનો અંતિમ ઉદ્દેશ્ય હજુ સ્પષ્ટ નથી. શરૂઆતના હુમલામાં ઈરાની સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીના મોત બાદ ટ્રમ્પે ઈરાની જનતાને તેમની સરકાર ઉથલાવી દેવા હાકલ કરી હતી, પરંતુ હવે વહીવટીતંત્ર કહી રહ્યું છે કે 'શાસન પરિવર્તન' તેમનો મુખ્ય ધ્યેય નથી.

### પરમાણુ મથકો પર નિશાન

સંયુક્ત રાષ્ટ્રોની પરમાણુ સંસ્થાએ પુષ્ટિ કરી છે કે ઈરાનના નતાન્ઝ પરમાણુ સંવર્ધન કેન્દ્રને તાજેતરના હુમલામાં નુકસાન થયું છે, જોકે રેડિયેશનની કોઈ તાત્કાલિક અસર દેખાતી નથી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ દાવો કર્યો છે કે ઈરાન ભૂગર્ભમાં નવા પરમાણુ બોમ્બ બનાવવાની તૈયારી કરી રહ્યું હતું, તેથી આ કાર્યવાહી કરવી અનિવાર્ય હતી.

### વ્યાપારી અને આર્થિક નુકસાન

ઈરાને અખાતી દેશોમાં આવેલા 'સેફ હેવન' ગણાતા વિસ્તારોને પણ નિશાન બનાવ્યા છે. એમેઝોન ના યુએઈ અને બહેરીન સ્થિત ડેટા સેન્ટરો પર ડ્રોન હુમલા થયા છે. સૌથી મહત્વની વાત એ છે કે, ઈરાને હોર્મુઝની સામુદ્રધુની સંપૂર્ણપણે બંધ હોવાની જાહેરાત કરી છે. ઈરાની કમાન્ડર જબ્બારીએ ચેતવણી આપી છે કે જે પણ જહાજ અહીંથી પસાર થશે તેને સળગાવી દેવામાં આવશે. કતારે પણ ઈરાનના હુમલાનો જડબાતોડ જવાબ આપવાની ધમકી આપી છે.

### ટ્રમ્પે આ સૈન્ય અભિયાનના ચાર મુખ્ય ઉદ્દેશ્યો જાહેર કર્યા

1. ઈરાનની મિસાઈલ ક્ષમતાનો નાશ કરવો 2. તેની નૌકાદળને ખતમ કરવી 3. તેને પરમાણુ હથિયાર મેળવતા અટકાવવું 4. તે તેના સાથી સશસ્ત્ર જૂથોને મદદ ન કરી શકે તે સુનિશ્ચિત કરવું.